# ભારતમાં શિક્ષણની ફી માટે આવકવેરામાંથી મળતું એક્ઝમ્પ્શન અને ડિડક્શન



ટૅક્સ રામાયણ
પરેશ કપાસી

ભારતમાં સાક્ષરતા વધારવાની દૃષ્ટિએ કરવેરામાં અનેક રાહત આપવામાં આવે છે. કરપાત્ર આવક ઘટે એ હેતુથી તેનો ઉપયોગ થાય છે. સંતાનોના શિક્ષણની ટ્યુશન ફી માટે મળતું ડિડક્શન પ્રચલિત છે. આજે આપણે આવકવેરાની કલમ ૧૦ (૧૪) હેઠળ મળતું એક્ઝમ્પ્શન અને કલમ ૮૦-સી હેઠળ મળતાં ડિડક્શન વિશે વાત કરવાના છીએ. ભારતના નોકરિયાતને અહીં જણાવ્યા મુજબનું એક્ઝમ્પ્શન મળે છે :

**આવકવેરા ધારાની કલમ ૧૦(૧૪) હેઠળનું બાળકના શિક્ષણ અને હૉસ્ટેલના ખર્ચ માટે મળતું એક્ઝમ્પ્શન :**

બાળકના શિક્ષણ માટેનું ભથ્થું - મહત્તમ બે બાળકો માટે દર મહિને દરેક બાળક દીઠ ૧૦૦ રૂપિયાની ચુકવણી કરવેરામાંથી મુક્ત હોય છે.

હોસ્ટેલના ખર્ચનું ભથ્થું - દરેક બાળક દીઠ દરેક મહિનાનું ૩૦૦ રૂપિયાનું આ ભથ્થું કરમુક્તિને પાત્ર હોય છે. મહત્તમ બે બાળકો માટે આ લાભ લઈ શકાય છે.

**કલમ ૮૦સી હેઠળ ટ્યુશન ફી માટેનું ડિડક્શન :**

નોકરિયાત વ્યક્તિ યુનિવર્સિટી, કૉલેજ, સ્કૂલ કે અન્ય શૈક્ષણિક સંસ્થાને ટ્યુશન ફી તરીકે ચૂકવેલી રકમનું ડિડક્શન લઈ શકે છે. અહીં જણાવવું રહ્યું કે શૈક્ષણિક સંસ્થાને ડેવલપમેન્ટ ફી તરીકે અથવા ટ્રાન્સપોર્ટેશન ફી (બસભાડું કે અન્ય) તરીકે ચૂકવવામાં આવતી રકમને આ ડિડક્શન લાગુ થતું નથી.

ટ્યુશન ફી માટે મળતું ડિડક્શન કલમ ૮૦સી હેઠળ મળતા કુલ ૧.૫ લાખ રૂપિયાના ડિડક્શનની અંદર આવી જાય છે. આમ ટ્યુશન ફી, વીમાનું પ્રીમિયમ, પ્રોવિડન્ટ ફન્ડમાં રોકાણ, પેન્શન તથા અન્ય ખર્ચ એ બધાં મળીને ૧.૫ લાખ રૂપિયા સુધીનું ડિડક્શન મળે છે.

**કલમ ૮૦સી હેઠળ ડિડક્શન મેળવવા માટે અહીં જણાવ્યા મુજબની કેટલીક શરતો છે :**

માતા કે પિતા એ બન્નેમાંથી કોઈ પણ એક વાલી, ગાર્ડિયન કે સ્પોન્સર આ ડિડક્શન માટે પાત્ર છે.

દરેક કરદાતા મહત્તમ બે બાળકો માટે આ ડિડક્શન લઈ શકે છે. આ દૃષ્ટિએ જોઈએ તો માતા અને પિતા મળીને કુલ ચાર બાળકો માટે આ ડિડક્શન લઈ શકે છે.

**ડિડક્શનની મહત્તમ મર્યાદા :**

દરેક નાણાકીય વર્ષમાં દરેક વાલી (માતા કે પિતા) મહત્તમ ૧.૫ લાખ રૂપિયા સુધીનું ડિડક્શન લઈ શકે છે. અહીં એ પણ નોંધવું જરૂરી છે કે કલમ ૮૦સી, ૮૦સીસીસી અને ૮૦સીસીડી હેઠળ દરેક વાલી ૧.૫ લાખ રૂપિયા કરતાં વધારે ડિડક્શન લઈ શકે નહીં.

બાળક કયા ધોરણમાં ભણે છે તેની સાથે ડિડક્શનને કોઈ લેવાદેવા નથી. શૈક્ષણિક સંસ્થા ભારતમાં ચાલતી હોવી જોઈએ. એ સંસ્થા વિદેશની યુનિવર્સિટી, સંસ્થા કે કૉલેજ સાથે સંલગ્ન હોઈ શકે છે.

ફક્ત ફુલટાઇમ કોર્સ માટે આ ડિડક્શન મળે છે. અહીં એ પણ જણાવવું રહ્યું કે કોઈ નાણાકીય વર્ષમાં કેટલી ફી ચૂકવવાની છે એના આધારે નહીં, પણ વાસ્તવમાં કેટલી ફી ચૂકવાઈ છે તેના આધારે ડિડક્શન મળે છે. દા.ત. કોઈ વાલી એપ્રિલ ૨૦૨૦ માટેની ફી ૩૧ માર્ચ, ૨૦૨૦ની પહેલાં ચૂકવી દે તો એનું ડિડક્શન પણ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં લઈ શકાય છે.

અપરિણીત ગાર્ડિયન-છૂટાછેડા લઈ ચૂકેલાં માતા કે પિતા પણ આ ડિડક્શન લઈ શકે છે.

દત્તક લેવાયેલા બાળકની સ્કૂલ ફી પણ ડિડક્શનને પાત્ર છે.

**કયા સંજોગોમાં ડિડક્શન લાગુ થતું નથી?**

ડેવલપમેન્ટ ફી, ડોનેશન, પ્રાઇવેટ કોચિંગ સેન્ટર્સને આપવામાં આવેલી ફી, હોસ્ટેલના ખર્ચ, ભોજનશાળાના ખર્ચ, લાઇબ્રેરીના ખર્ચ એ બધાં પેમેન્ટને ડિડક્શન મળતું નથી.

પાર્ટટાઇમ કોર્સિસ માટેની ચુકવણીને પણ ડિડક્શન લાગુ થતું નથી.

કરદાતાના પોતાના, જીવનસાથીના, ભાઈ કે બહેનના, માતા કે પિતાના કે બીજા કોઈ સંબંધીને શિક્ષણની ફી માટે પણ ડિડક્શન લઈ શકાતું નથી.

ભારતની બહાર રહીને (વિદેશમાં) કામ કરતી વિદેશી યુનિવર્સિટી માટેની ફીને પણ આ ડિડક્શન લાગુ થતું નથી.

કલમ ૮૦સી હેઠળ ટ્યુશન ફી માટેનું ડિડક્શન લેવા માટે ફીની રસીદ માલિક-નોકરીદાતાને આપવાની હોય છે. આ રકમ પહેલાં ફૉર્મ ૧૨બીબીમાં દેખાડવાની હોય છે અને પછી તેના પુરાવા તરીકે રસીદ આપવાની હોય છે.

જેઓ નોકરી કરતા નથી એવા લોકો આવકવેરાનું રિટર્ન ભરતી વખતે આ ડિડક્શન લઈ શકે છે.

અહીં જણાવવું રહ્યું કે આવકવેરા ધારાના ચૅપ્ટર ૬એ હેઠળની કલમ ૮૦સી હેઠળ પબ્લિક પ્રોવિડન્ટ ફન્ડ (પીપીએફ), એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફન્ડ, એલઆઇસીનું પ્રીમિયમ, ઇક્વિટી લિંક્ડ સેવિંગ્સ સ્કીમ (ઈએલએસએસ)માં કરાયેલું રોકાણ, હોમ લોન માટે ચૂકવાતા હપ્તામાંથી મુદ્દલનો હિસ્સો, પ્રૉપર્ટીનાં સ્ટેમ્પ ડ્યૂટી અને રજિસ્ટ્રેશન ચાર્જિસ, સુકન્યા સમૃદ્ધિ યોજના, નૅશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ, સિનિયર સિટિઝન સેવિંગ્સ સ્કીમ, યુલિપ, બૅન્કની ટૅક્સ ફ્રી ફિક્સ્ડ ડિપોઝિટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર બૉન્ડમાં કરાયેલું રોકાણ એ બધાને આવરી લેવામાં આવે છે અને એ બધાનું કુલ ડિડક્શન ૧.૫ લાખ રૂપિયાથી વધારે હોઈ શકે નહીં.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.